**અરજી દાખલ થયા      તા.૧૯/૦૭/૨૦૧૯**

**અરજી રજી.થયા      તા.૧૯/૦૭/૨૦૧૯**

**અરજી ફેસલ થયા      તા:૦૯/૧૧/૨૦૨૦**

**અવધિ:      વ. માસ. દિવસ.**

**ભચાઉના મે.નવમા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.ભચાઉ.**

**(નવા)ફોજદારી રીવીઝન અરજ.નં.૧૨/૨૦૨૦**

**(જુના)ફોજદારી રીવીઝન અરજ.નં.૩૨/૨૦૧૯**

**આંક–**

**અરજદાર :–** લખમણભાઈ ગેલાભાઈ રાઠોડ
ઉ.વ.આ. ૩૯, ધંધો– ખેતી
રહે. કિડીયાનગર,તા.રાપર–કચ્છ.
વાળાના જનરલ પાવરદાર તે
અજીતસિંહ જોરૂભા વાધેલા
ઉ.વ.આ. ૩૬, ધંધો– ખેતી
રહે. કિડીયાનગર,તા.રાપર–કચ્છ.

**વિરૂધ્ધ**

**સામાવાળા:–** સરકાર

**અરજદાર તર્ફે વિ. વકીલશ્રી એ.જી.મકવાણા**

**સામાવાળા તર્ફે વિ.સરકારી વકીલશ્રી ડી. એસ. જાડેજા**

**બાબત –**ક્રિ.પ્રો.કોડની કલમ–૩૯૭ (૧) મુજબ રીવીઝન અરજી.

**// ચુકાદો //**

(૧) અરજદારે આડેસર પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૫૧૨૯/ ૨૦૧૮, પ્રોહી એકટની કલમ– ૬૫(ઈ), ૯૮(૨),૧૧૬(બી),૮૧ મુજબના ગુનાના કામે કબજે કરેલ વાહન ટેલર રજી. નં.

જી.જે.૧૨ એ.વાય.૮૧૦૬ ની વચવાળાની કસ્ટડી પરત મેળવવા માટે મુદામાલની અરજી ક્રિ. પ્રો. કો. ની કલમ–૪૫૧ મુજબ ગુજારેલી જે નામંજુર(રદ) કરતો હુકમ તા.૧૦/૦૧/૨૦૧૯ ના રોજ જ્યુ. મેજી.ફર્સ્ટ કલાસ, રાપર–કચ્છ નાઓએ કરેલ તેથી તે હુકમથી નારાજ થઈ હાલની રીવીઝન અરજ ગુજારેલી છે જેની વિગત વંચાણે લીધી.

(૨) આ કામે અરજદાર તરફે વિ.વકીલશ્રીની લંબાણપુર્વકની મૌખિક દલીલ સાંભળી. તેઓની દલીલનો મુખ્ય સારાંશ એવો છે કે, અરજદાર ગાડીના માલીક છે અને ગાડી લાંબો સમય પોલીસ સ્ટેશનમાં પડી રહે તો ભંગારમાં ફેરવાય જાય તેમ છે. નીચેની અદાલતે કાયદાની જોગવાઈ અને હકીકતનુ મુલ્યાંકન કરવામાં કસુર કરેલ છે અને મુદામાલ અરજ નામંજુર કરતો હુકમ કરેલ છે તે કાયદા વિરૂધ્ધનો હોય રદ કરી મુદામાલ અરજીમાં માગ્યા મુજબની દાદ આપવા દલીલ કરેલી છે.

(૩) આ કામે સામાવાળા તરફે વિ.સરકારી વકીલશ્રીની લંબાણપુર્વકની દલીલ સાંભળી, તેઓની દલીલનો ટુંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, પોલીસે મુદામાલ દારૂ વાહનમાંથી પકડેલ છે અને પ્રોહીબીશન એકટની જોગવાઈઓ અનુસાર આ વાહન સરકાર ખાલસા કરવાપાત્ર થાય છે. તેવા સંજોગોમાં મુદામાલ વાહન અરજદારને પરત આપી શકાય નહી. ટ્રાયલ કોર્ટે મુદામાલ અરજીના નિર્ણય વખતે તમામ જોગવાઈઓ ધ્યાને લઈ જે હુકમ કરેલો છે તે કાયદેસરનો યોગ્ય નિર્ણય છે તેથી અરજદારની રીવીઝન અરજ નામંજુર(રદ) કરવા દલીલ કરેલી છે.

(૪) આ કામે ટ્રાયલ કોર્ટનુ મુદામાલ અરજીનુ અસલ રેકર્ડ વંચાણે લીધુ.

(૫) ઉપરોકત હકીકતે હાલની રીવીઝન અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદદા ઉપસ્થિત થાય છે.

૧. શુ અરજદાર પુરવાર કરે છે કે ટ્રાયલ કોર્ટનો મુદામાલ અરજી નામંજુર કરતો હુકમ ગેરકાયદેસરનો કે કાયદા વિરૂધ્ધનો, અનિયમીત, અસ્પષ્ટ, કાયદાના

પ્રસ્થાપિત સિંધ્ધાતની વિરૂધ્ધનો , ભુલ ભરેલો, હસ્તક્ષેપને પાત્ર, તેમજ રદ થવાને પાત્ર છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. મુદદા નં.૧ નકારમાં

૨. મુદદા નં.ર આખરી હુકમ મુજબ .

ઉપરોકત નિર્ણય માટેના મારા વિગતવારના કારણો નીચે મુજબ છે.

–// **<u>કા ર ણો</u>** //–

**મુદા નંબર.૧ , ર ::–**

(૭) આ કામે તમામ રેકર્ડ વંચાણે લેવામાં આવે તો, આ કામે એફ.આઈ.આર. ની વિગત અનુસાર આ મુદામાલ ગાડીમાંથી ર૦ લીટરથી વધુની કીમતનો દારૂ મળી આવેલો છે. કાયદાની જોગવાઈ ઘયાને લેતા વાહન સરકાર ખાલસા કરવા પાત્ર થાય છે. ટ્રાયલ કોર્ટે મુદામાલ અરજીના નિર્ણય વખતે કાયદામા થયેલા સુધારા અને અન્ય ના. ગુજરાત હાઈકોર્ટના પ્રોહીબીશનના ગુનામા મુદામાલ છોડવા માટેના સિધ્ધાંતને ઘ્યાને લઈને, મુદામાલ અંગેની તમામ જોગવાઈઓનુ વ્યાજબી મુલ્યાંકન કરેલ છે. આવા સંજોગોમાં ટ્રાયલ કોર્ટે પોતાના હુકમમાં જે કારણો આપેલા છે તે કાયદેસરના વ્યાજબી છે અને તેની સાથે અત્રેની અદાલત સંમત છે તેવા સંજોગોમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૯૭ અન્વયેની સતા આ કીસ્સામાં વાપરવા માટેનુ ઉચીત કારણ મને જણાતુ નથી અને તેથી મુદા નં.૧ નો જવાબ નકારમાં આપુ છું.

(૮) આમ, ઉપરોકત તમામ ચર્ચાને ઘ્યાને, લેતા અત્રેની રીવીઝનલ કોર્ટ ટ્રાયલ કોર્ટના હુકમની સાથે સહમત છે અને જેથી હાલની રીવીઝન અરજ મંજુર કરી શકાય નહી તેવા નિર્ણય પર આવી નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

// **<u>હુ ક મ</u>** //

**૧)** આથી, અરજદાર ની હાલની રીવીઝન અરજી ''**નામંજુર(રદ)**'' કરવામાં આવે છે.

૨) જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ રાપરનાઓના આડેસર પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૫૧૨૯/ ૨૦૧૮ , પ્રોહી એકટની કલમ– ૬૫(ઈ), ૯૮(૨),૧૧૬(બી),૮૧ મુજબના ગુનાના કામે કબજે કરેલ વાહન ટેલર રજી. નં. જી.જે.૧૨ એ.વાય.૮૧૦૬ ની મુદામાલ અરજીને નામંજુર(રદ) કરતા તા. ૧૦/૦૧/૨૦૧૯ ના રોજના હુકમને આથી કાયમ કરવામાં આવે છે.

૩) હુકમની એક નકલ ટ્રાયલ કોર્ટના રેકર્ડ સાથે બાંધવા માટે મોકલવી.

૪) ટ્રાયલ કોર્ટનું અસલ રેકર્ડ તાત્કાલીક અસરથી પરત મોકલવું.

આ હુકમ આજરોજ તા.૦૯ મી, માહે–નવેમ્બર સને ૨૦૨૦ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯ /૧૧/૨૦૨૦

સ્થળ : ભચાઉ–કચ્છ

(એમ.એફ.ખત્રી)

૯ માં એડીશનલ સેસન્સ જજ,

ભચાઉ–જી.કચ્છ

જીજે૦૦૬૯૧